# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૩-૦૫-૨૦૨૪ સોમવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સીબીએસસી પરીક્ષા પરિણામ:

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSE એ આજે ધોરણ 10 અને 12 નું પરિણામ જાહેર કર્યું છે. CBSEએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે , 87.98 ટકા વિદ્યાર્થીઓએ બારમા ધોણની બોર્ડની પરીક્ષા પાસ કરી છે. જ્યારે ધોરણ દસનું પરિણામ 93.60 ટકા પરિણામ જાહેર થયું છે.. પાસ થવાની ટકાવારી ગત વર્ષની સરખામણીએ 0.65 ટકા વધુ છે. આ પરીક્ષામાં 24 હજારથી વધુ ઉમેદવારોએ 95 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે અને 1.16 લાખથી વધુ વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ ગુણ મેળવ્યા છે. વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થીઓને 6.40 ટકા પાછળ છોડી દીધા છે. ધોરણ 12 ની પરીક્ષા માટે કોઈ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે નહીં. બોર્ડે ડિજીલોકર અને ઉમંગ એપ્સ સહિતની વેબસાઇટ્સ પર ધોરણ 10નું પરિણામ પણ જાહેર કર્યું છે.

- (RNU અમદાવાદ)

---

## લોકરક્ષક ભરતી-અરજીપત્રક:

લોકરક્ષક અને પીએસઆઈની ભરતી માટેનાં અરજીપત્રક ભરવાનો સમય પૂર્ણ થયો છે. પીએસઆઇ માટે ચાર લાખ 50 હજાર અને લોકરક્ષક માટે 9 લાખ 83 હજાર અરજીઓ મળી છે. સ્નાતક અને ધોરણ 12 ની પરીક્ષાઓના પરિણામ આવ્યા બાદ ફરી અરજી પત્રક ભરી શકાશે. ઓગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં અરજી કરવા માટે ફરી તક આપવામાં આવશે.
15 દિવસ સુધીનો સમય ફરી અરજી કરવા માટે આપવામાં આવશે અને ચોમાસા બાદ શારીરિક કસોટી લેવામાં આવશે. ઓક્ટોમ્બર નવેમ્બર મહિનામાં શારીરિક કસોટી લેવામાં આવશે એમ પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું છે.

- (RNU અમદાવાદ)

---

## ગુ.મા.અને ઉ.મા બોર્ડ પરિણામ સુધારો:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના નવા નિયમ મુજબ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ મહિનામાં લેવાયેલી મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ ઉમેદવાર સૈધાંતિક

વિષયોની પુરક પરીક્ષામાં પરિણામ સુધારી શકશે. માર્ચની મુખ્ય પરીક્ષા અને પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારના બંને પરીક્ષાઓમાં વિષયવાર ઉત્તમ ગુણને ધ્યાને લઈને અંતિમ પરિણામ બોર્ડ દ્વારા આપવામાં આવશે.

- (આરતી ભટ્ટ)

---

## કંડલા-અકસ્માત:

કં ડલાથી જ્વલનશીલ પ્રવાહી ભરીને ગાંધીધામ તરફ જઈ રહેલું ટેન્કર ગઈકાલે પલટી મારી જતા પાંચ કલાકની જહેમત બાદ પરિસ્થિતિ કાબુમાં આવી હતી.

ગત ૧૧ મી મે ના રાત્રીએ એ.જી.એસ. માંથી મેથોનોલ ભરીને ગાંધીધામ તરફ આવી રહેલું ટેન્કર કંડલાના રેલવે ઓવરબ્રિજ ઉતરતા કાબુ ગુમાવીને પલટી મારી ગયું હતું. ડી.પી.એ. ના અગ્નિશમન દળ અને પોલીસની જાગૃતિ અને કલાકોની જહેમત બાદ પરિસ્થિતિ કાબુમાં આવી હતી.

- (આરતી ભટ્ટ)

---

## સરહદ ડેરી-ઈટીમાં સફળતા:

સરહદ ડેરી દ્વારા કચ્છ જિલ્લામાં પ્રથમ વખત એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલૉજી ને સફળતા મળતાં એક તંદુરસ્ત વાછરડીનો જન્મ થયો છે.

ઉલ્લેખનીય છે કે, સરહદ ડેરી દ્વારા ઓલાદ સુધારણા માટે અને પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે કચ્છમાં સૌ પ્રથમવાર **NDDB** ના સહયોગથી આ ટેક્નોલોજીનાં પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. સરહદ ડેરી દ્વારા અત્યાર સુધીમાં **51** ગાય માં એમ્બ્રિયો ટ્રાન્સફર કરવાંમાં આવ્યા છે. જેના ટૂંક સમયમાં સારા પરિણામ મળશે.

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યુ હતું કે , એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજીથી જે વાછરડી જન્મ થયો છે , તેથી ઓછા પશુમાં વધુ દૂધ ઉત્પાદન કરવાના સિદ્ધાંત સાથે આગળ વધતા પશુપાલકોને પશુ માવજત પાછળ થતા વધારાના ખર્ચમાંથી મુક્તિ મળશે જેથી પશુપાલકો ને વધુ નફો થશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જીલ્લો-આં. મજદૂર દિવસ ઉજવણી:

ભુજ ખાતે પહેલી મે ના રોજ આંતર્રાષ્ટ્રીય મજદૂર દિવસની ઉજવણીમાં ભુજના અસંગઠિત ક્ષેત્રના મજુર અને કામદારોને જાગૃત કરવા સાથે અધિકાર લક્ષી અભિયાનનો

આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં, મજૂરોની મુશ્કેલી અને સમસ્યાઓને જાની-માહિતી મેળવીને ડેટાબેઝ સર્વે સામાજિક કાર્યકરો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

- (આરતી ભટ્ટ)

---

## ફાયરીંગ પ્રેક્ટીસ:

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ પર તા.૧૪ થી ૧૭ મે તથા ૨૦ અને ૨૨ મે ના રોજ આર્મ્સ ફાયરિંગ યોજાશે.

જેથી ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઇપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છની યાદીમાં જણાવાયું છે.

- (મા. ખા. ભુજ)

---